


અનંત સિધ્ધ ભગવંતો
સિધ્ધશિલા
પાંચ અનુત્તર દેવો
નવ ગ્રૈવેયક દેવો
૧૨ (બાર) વૈમાનિક દેવો
નવ (૯) લોકાંતિક દેવો
૩ કિલ્બિષિક દેવો
મેરુ પર્વતને પ્રદક્ષિણા આપતા જ્યોતિષ્ક દેવો
સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા
સમભૂતલા પૃથ્વી
૧૦ યોજન ખાલી
૮૦ યોજનમાં વાણ વ્યંતર દેવો
૧૦ યોજન ખાલી
૮૦૦ યોજનમાં વ્યંતર દેવો
૧૦૦ યોજન અધોલોકમાં
બે પ્રતર વચ્ચેના આંતરામાં ભવનપતિ દેવો
નારકો
૯૦૦ યોજન મધ્યલોક
મેરુ પર્વત ૧૦૦ યોજન અધોલોકમાં
૧,૦૦૦ યોજન
૧,૭૮,૦૦૦ યોજનમાં ભવનપતિ દેવો અને નારકો
૧,૦૦૦ યોજન
૧,૮૦,૦૦૦ યોજન રત્નપ્રભા પૃથ્વી

સ્થિતિઃ (૪-૨૯)

આ સૂત્રથી ૪ થા અધ્યાયના અંત સુધી દેવ તથા નારકોની સ્થિતિ (આયુષ્યનું)નું વર્ણન છે.

---

ભવનેષુ દક્ષિણાર્ધાધિપતીનાં પલ્યોપમમ્ અધ્યર્ધમ્ (૪-૩૦)

ભવનપતિ નિકાયમાં દક્ષિણ દિશાના ઇન્દ્રોનું ઉત્કૃષ્ટ (Max.) આયુષ્ય દોઢ (૧½) પલ્યોપમ છે.

---

શેષાણાં પાદોને / શેષાણાં પાદ ઉને (૪-૩૧)

પાદ-ઉને = બે (૨) માં "પા" (¼) ઓછો = પોણા બે

બાકીનાનું (ભવનપતિના ઉત્તર દિશાના ઇંદ્રોનું) આયુષ્ય પોણા બે પલ્યોપમ છે.

---

અસુરેન્દ્રયોઃ સાગરોપમમ્ અધિકં ચ (૪-૩૨)

અસુરકુમારના (દક્ષિણ દિશાના અધિપતિ) ઇન્દ્રનું આયુષ્ય એક સાગરોપમ અને ઉત્તર દિશાના અધિપતિનું આયુષ્ય કંઇક અધિક છે.

---

સૌધર્માદિષુ યથાક્રમમ્ (૪-૩૩)

સૂત્રાર્થ: સૌધર્મ આદિ (૧૨ દેવલોક, ૯-ગ્રૈવેયક અને પાંચ અનુત્તર સુધીના દેવોનું આયુષ્ય (ઉત્કૃષ્ટ આયુષ્ય) જણાવશે.

(સૂત્ર ૪-૩૪ થી ૪-૩૮ સુધી)

ભવનપતિ નિકાયના દેવોની જઘન્ય સ્થિતિ:

ભવનેષુ ચ (૪-૪૫)

<u>સૂત્રાર્થ:</u> ભવનપતિ નિકાયના દેવોની પણ (જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષ છે.)

---

વ્યંતર નિકાયના દેવોની જઘન્ય સ્થિતિ:

વ્યંતરાણાં ચ (૪-૪૬)

<u>સૂત્રાર્થ:</u> વ્યંતર નિકાયના દેવોની પણ (જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષ છે.)

---

વ્યંતર નિકાયના દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ:

પરા પલ્યોપમમ્ (૪-૪૭)

પરા = ઉત્કૃષ્ટ (Max.)

<u>સૂત્રાર્થ</u> (આઠે પ્રકારના) વ્યંતર દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક પલ્યોપમ છે.

## ભવનપતિ અને વ્યંતર નિકાયના દેવોનું ઉત્કૃષ્ટ/જઘન્ય આયુષ્ય.

| ભવનપતિ નિકાય | ઉત્કૃષ્ટ આયુષ્ય | સૂત્ર | જઘન્ય આયુષ્ય | સૂત્ર |
|---|---|---|---|---|
| દક્ષિણ દિશાના ઇન્દ્રો | 1 1/2 પલ્યોપમ | ૪-૩૦ | દશ હજાર 10,000 વર્ષ | ૪-૪૫ |
| ઉત્તર દિશાના ઇન્દ્રો | 1 3/4 પલ્યોપમ | ૪-૩૧ | | |
| દક્ષિણ દિશાના અસુરકુમાર ના અધિપતિ ચમરેન્દ્ર | 1 સાગરોપમ | ૪-૩૨ | | |
| ઉત્તર દિશાના અસુરકુમાર ના અધિપતિ બલીન્દ્ર | 1 સાગરોપમ થી અધિક | ૪-૩૨ | | |

વ્યંતર નિકાય ના આઠે દેવોનું જઘન્ય/ઉત્કૃષ્ટ આયુષ્ય.

| વ્યંતર નિકાયના દેવો | ઉત્કૃષ્ટ આયુષ્ય. | સૂત્ર. | જઘન્ય આયુષ્ય. | સૂત્ર. |
|---|---|---|---|---|
| „ „ | 1 પલ્યોપમ | ૪-૪૭ | દશ હજાર વર્ષ | ૪-૪૬ |

**સૂત્ર (૪-૪૩) પ્રયોજન :** નારકોની જઘન્ય સ્થિતિ જણાવે છે.

**नारकाणां च द्वितीयादिषु    ४-४३**

**નારકાણાં ચ દ્વિતીયાદિષુ    ૪-૪૩**

**નારકાણાં ચ દ્વિતીય આદિષુ    ૪-૪૩**

**શબ્દાર્થ :** નારકાણાં = નારકોની,

દ્વિતીય આદિષુ = બીજી વગેરે નરક ભૂમિઓમાં

**સૂત્રાર્થ :** બીજી થી સાતમી (નરક સુધીના પૂર્વનરકની જે ઉત્કૃષ્ટ સ્થિતિ તે જ અનન્તર એવા પછીના નરકમાં) નારકીની (જઘન્ય સ્થિતિ જાણવી).

**ભાવાર્થ :** ત્રીજા અધ્યાયના છઠ્ઠા સૂત્રમાં સાત નરકના જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય કહ્યું છે. પરંતુ જઘન્ય આયુષ્ય કહ્યું નથી. અહીં જઘન્ય આયુષ્યનો પ્રસંગ ચાલે છે તેથી સાત નારકીનું પણ જઘન્ય આયુષ્ય જણાવે છે.

નારકીઓમાં પૂર્વ-પૂર્વ નારકીનું જે ઉત્કૃષ્ટ આયુષ્ય છે તે જ તેની અનન્તર પછી, પછીની નારકીનું જઘન્ય આયુષ્ય જાણવું. માત્ર પહેલી નારકીનું જઘન્ય આયુષ્ય હવે પછીના સૂત્રમાં જણાવશે.

| નરક | જઘન્ય સ્થિતિ |
|---|---|
| ૨ | ૧ સાગરોપમ |
| ૩ | ૩ સાગરોપમ |
| ૪ | ૭ સાગરોપમ |

| નરક | જઘન્ય સ્થિતિ |
|---|---|
| ૫ | ૧૦ સાગરોપમ |
| ૬ | ૧૭ સાગરોપમ |
| ૭ | ૨૨ સાગરોપમ |

**સૂત્ર (૪-૪૪) પ્રયોજન :** પ્રથમ નરકના નારકજીવોની જઘન્ય સ્થિતિ કહે છે.

**दशवर्षसहस्राणि प्रथमायाम्    ४-४४**

**દશવર્ષસહસ્રાણિ પ્રથમાયામ્    ૪-૪૪**

**દશ વર્ષ સહસ્રાણિ પ્રથમાયામ્    ૪-૪૪**

પ્રથમ નરકમાં નારકોની જઘન્ય સ્થિતિ (આયુષ્ય) ૧૦ હજાર વર્ષની.

## સૂત્ર ૩-૬

### સાત નરકના જીવોનું ઉત્કૃષ્ટ અને જઘન્ય આયુષ્ય

| નારકીનું નામ | ઉત્કૃષ્ટ આયુષ્ય | જઘન્ય આયુષ્ય |
|---|---|---|
| રત્નપ્રભા | ૧ સાગરોપમ | દશ હજાર વર્ષ |
| શર્કરાપ્રભા | ૩ સાગરોપમ | ૧ સાગરોપમ |
| વાલુકાપ્રભા | ૭ સાગરોપમ | ૩ સાગરોપમ |
| પંકપ્રભા | ૧૦ સાગરોપમ | ૭ સાગરોપમ |
| ધૂમપ્રભા | ૧૭ સાગરોપમ | ૧૦ સાગરોપમ |
| તમ:પ્રભા | ૨૨ સાગરોપમ | ૧૭ સાગરોપમ |
| તમ:તમ:પ્રભા | ૩૩ સાગરોપમ | ૨૨ સાગરોપમ |

જઘન્ય આયુષ્ય માટે ૪ થા અધ્યાયના સૂત્ર ૪-૪૩ અને સૂત્ર ૪-૪૪ જોવા.

સાગરોપમે (૪-૩૪)

__સૂત્રાર્થ__ (સૌધર્મ દેવલોકના દેવોની ઉત્કૃષ્ટ (Max.) સ્થિતિ (આયુષ્ય) બે સાગરોપમ છે.

---

અધિકે ચ (૪-૩૫)

__સૂત્રાર્થ__: (ઐશાન દેવલોકના દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય બે સાગરોપમ કરતાં કંઈક અધિક છે.

---

સપ્ત સનત્કુમારે (૪-૩૬)

__સૂત્રાર્થ__: સનત્કુમાર દેવલોકમાં (દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ) સાત સાગરોપમ છે.

---

વિશેષત્રિસપ્તદશૈકાદશત્રયોદશપંચદશભિરધિકાનિ ચ (૪-૩૭)

વિશેષ-ત્રિ-સપ્ત-દશ-એકાદશ-ત્રયોદશ-
પંચદશભિ: અધિકાનિ ચ ........ (૪-૩૭)

__સૂત્રાર્થ__: (સનત્કુમારના આયુષ્યમાં) સાત સાગરોપમથી કંઈક અધિક, 3-૭-૧૦-૧૧-૧૩ અને ૧૫ ઉમેરવાથી (આગળના દેવલોકની) ઉત્કૃષ્ટ સ્થિતિ થાય છે.

---

આરણા - અચ્યુતાદ્ ઊર્ધ્વમ્ એક એકેન નવસુ ગ્રૈવેયકેષુ વિજયાદિષુ સર્વાર્થસિદ્ધે ચ --- (૪-૩૮)

__સૂત્રાર્થ__ આરણ-અચ્યુત ઉપર નવગ્રૈવેયક, ચાર વિજયાદિ અને સર્વાર્થસિદ્ધમાં અનુક્રમે એક એક (સાગરોપમથી અધિક ઉત્કૃષ્ટ સ્થિતિ થાય છે.)

વૈમાનિક નિકાયના દેવોનું જઘન્ય આયુષ્ય

અપરા પલ્યોપમમ્ અધિકં ચ — (૪-૩૯)

અપરા = જઘન્ય (Minimum)

<u>સૂત્રાર્થ</u>: (સૌધર્મ અને ઈશાન દેવલોકમાં) જઘન્ય આયુષ્ય અનુક્રમે એક પલ્યોપમ અને ૧ પલ્યો. થી અધિક હોય છે.

---

સાગરોપમે ------ (૪-૪૦)

<u>સૂત્રાર્થ</u>: (સનત્કુમાર દેવલોકના દેવોની જઘન્ય સ્થિતિ) ૨ સાગરોપમ છે.

---

અધિકે ચ .... (૪-૪૧)

<u>સૂત્રાર્થ</u>: (માહેન્દ્ર દેવલોકના દેવોની જઘન્ય સ્થિતિ બે સાગ. કરતાં) કંઈક વધુ છે.

---

પરત: પરત: પૂર્વા પૂર્વાનન્તરા ... (૪-૪૨)

પરત: પરત: પૂર્વા પૂર્વા અનન્તરા ... (૪-૪૨)

પરત: પરત: = પછી પછીના
પૂર્વા પૂર્વા = પહેલા પહેલાના

<u>સૂત્રાર્થ</u>: (માહેન્દ્ર દેવલોક પછી) પૂર્વપૂર્વના દેવલોકની જો ઉત્કૃષ્ટ સ્થિતિ છે તે જ આગળ-આગળના દેવલોકની જઘન્ય સ્થિતિ જાણવી.

દા.ત. ચોથા દેવલોકનું જે ઉત્કૃષ્ટ આયુષ્ય છે તે જ પાંચમા દેવલોકનું જઘન્ય આયુષ્ય છે.
પાંચમા દેવલોકનું જે ઉત્કૃષ્ટ આયુષ્ય છે તે જ છઠ્ઠા દેવલોકનું જઘન્ય આયુષ્ય છે.

## વૈમાનિક નિકાયના દેવોનું ઉત્કૃષ્ટ અને જઘન્ય આયુષ્ય

| દેવલોક | ઉત્કૃષ્ટ આયુષ્ય | સૂત્ર નંબર | જઘન્ય આયુષ્ય | સૂત્ર નંબર |
|---|---|---|---|---|
| ૧ સૌધર્મ | ૨ સાગરોપમ | ૪-૩૪ | ૧ પલ્યોપમ | ૪-૩૯ |
| ૨ ઈશાન | ૨ સાગ. થી અધિક | ૪-૩૫ | ૧ પલ્યો. થી અધિક | ૪-૩૯ |
| ૩ સનત્કુમાર | ૭ સાગરોપમ | ૪-૩૬ | ૨ સાગરોપમ | ૪-૪૦ |
| ૪ માહેન્દ્ર | ૭ સાગ. થી અધિક | ૪-૩૭ | ૨ સાગ. થી અધિક | ૪-૪૧ |
| ૫ બ્રહ્મલોક | ૭+૩=૧૦ સાગ. | ૪-૩૭ | ૭ સાગ. થી અધિક | ૪-૪૨ |
| ૬ લાન્તક | ૭+૭=૧૪ સાગ. | ૪-૩૭ | ૧૦ સાગરોપમ | ૪-૪૨ |
| ૭ મહાશુક્ર | ૭+૧૦=૧૭ સાગ. | ૪-૩૭ | ૧૪ સાગરોપમ | ૪-૪૨ |
| ૮ સહસ્રાર | ૭+૧૧=૧૮ સાગ. | ૪-૩૭ | ૧૭ સાગરોપમ | ૪-૪૨ |
| ૯ આનત | ૭+૧૨=૧૯ સાગ. | ૪-૩૭ | ૧૮ સાગરોપમ | ૪-૪૨ |
| ૧૦ પ્રાણત | ૭+૧૩=૨૦ સાગ. | ૪-૩૭ | ૧૯ સાગરોપમ | ૪-૪૨ |
| ૧૧ આરણ | ૭+૧૪=૨૧ સાગ. | ૪-૩૭ | ૨૦ સાગરોપમ | ૪-૪૨ |
| ૧૨ અચ્યુત | ૭+૧૫=૨૨ સાગ. | ૪-૩૭ | ૨૧ સાગરોપમ | ૪-૪૨ |

## નવ ગ્રૈવેયક દેવલોક ના દેવોનું ઉત્કૃષ્ટ અને જઘન્ય આયુષ્ય

| | | | | |
|---|---|---|---|---|
| ૧ ગ્રૈવેયક | ૨૩ સાગરોપમ | ૪-૩૮ | ૨૨ સાગરોપમ | ૪-૪૨ |
| ૨ ,, | ૨૪ ,, | ૪-૩૮ | ૨૩ ,, | ૪-૪૨ |
| ૩ ,, | ૨૫ ,, | ૪-૩૮ | ૨૪ ,, | ૪-૪૨ |
| ૪ ,, | ૨૬ ,, | ૪-૩૮ | ૨૫ ,, | ૪-૪૨ |
| ૫ ,, | ૨૭ ,, | ૪-૩૮ | ૨૬ ,, | ૪-૪૨ |
| ૬ ,, | ૨૮ ,, | ૪-૩૮ | ૨૭ ,, | ૪-૪૨ |
| ૭ ,, | ૨૯ ,, | ૪-૩૮ | ૨૮ ,, | ૪-૪૨ |
| ૮ ,, | ૩૦ ,, | ૪-૩૮ | ૨૯ ,, | ૪-૪૨ |
| ૯ ,, | ૩૧ ,, | ૪-૩૮ | ૩૦ ,, | ૪-૪૨ |

## અનુત્તર દેવલોકના દેવોનું ઉત્કૃષ્ટ અને જઘન્ય આયુષ્ય

| | | | | |
|---|---|---|---|---|
| વિજયાદિ ચાર | ૩૨ સાગરોપમ | ૪-૩૮ | ૩૧ સાગરોપમ | ૪-૪૨ |
| સર્વાર્થસિદ્ધ | ૩૩ સાગરોપમ | ૪-૩૮ | ૩૩ સાગરોપમ | ૪-૪૨ |

જ્યોતિષ્કાણામધિકમ્ (૪-૪૮)

**જ્યોતિષ્કાણામ્ અધિકમ્** (૪-૪૮)

સૂત્રાર્થ: જ્યોતિષ્ક દેવોની (ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યોપમથી) કંઈક અધિક છે

સૂર્યની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧ પલ્યોપમ કરતાં ૧૦૦૦ વર્ષ અધિક છે અને ચંદ્રની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧ પલ્યો. કરતા ૧ લાખ વર્ષ અધિક છે.

---

ગ્રહાણામેકમ્ (૪-૪૯)

**ગ્રહાણામ્ એકમ્** (૪-૪૯)

સૂત્રાર્થ: ગ્રહોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યોપમ છે.

નક્ષત્રાણામર્ધમ્ (૪-૫૦)

**નક્ષત્રાણામ્ અર્ધમ્** (૪-૫૦)

સૂત્રાર્થ: નક્ષત્રોની (ઉત્કૃષ્ટ સ્થિતિ) અર્ધો પલ્યોપમ છે.

---

**તારકાણાં ચતુર્ભાગઃ** (૪-૫૧)

સૂત્રાર્થ: તારાઓની (ઉત્કૃષ્ટ સ્થિતિ) $૧/૪$ પલ્યોપમ છે.

---

જઘન્યા ત્વષ્ટભાગઃ (૪-૫૨)

**જઘન્યા તુ અષ્ટભાગઃ** (૪-૫૨)

સૂત્રાર્થ: (તારાઓની) જઘન્ય સ્થિતિ $૧/૮$ પલ્યોપમ છે.

**સૂત્ર (૪-૫૩) પ્રયોજન : બાકીના જ્યોતિષ્ક દેવોની જઘન્ય સ્થિતિ કહે છે.**

**चतुर्भागः शेषाणाम् ४-५३**

**ચતુર્ભાગઃ શેષાણામ્ ૪-૫૩**

**ચતુઃ ભાગઃ શેષાણામ્ ૪-૫૩**

**શબ્દાર્થ :** ચતુઃ ભાગઃ = ચોથો ભાગ (૧/૪), શેષાણામ્ = બાકીના

**સૂત્રાર્થ :** બાકીના (જ્યોતિષ્ક દેવોની જઘન્ય સ્થિતિ) ૦। (૧/૪) પલ્યોપમ છે.

**ભાવાર્થ :** બાકીનાનો અર્થ **'તારા'** સિવાય જ્યોતિષ્ક નિકાયના દેવોમાં સૂર્ય-ચંદ્ર-ગ્રહ અને નક્ષત્ર આ ચારનો સમાવેશ થાય. આ રીતે બાકીના જ્યોતિષ્ક દેવોનું જઘન્ય આયુષ્ય પલ્યોપમનો ચોથો ભાગ અર્થાત્ ૦। (૧/૪) પલ્યોપમ છે.

ચોથા અધ્યાયના છેલ્લા છ સૂત્રોમાં (૪-૪૮, ૪-૪૯, ૪-૫૦, ૪-૫૧, ૪-૫૨ અને ૪-૫૩) જ્યોતિષ્ક દેવોનું જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુષ્ય જણાવેલું છે, જે નીચેના ટેબલ પરથી સારી રીતે સમજી શકાય છે.

## જ્યોતિષ્કદેવોનું આયુષ્ય

| દેવનું નામ | ઉત્કૃષ્ટ આયુષ્ય | સૂત્ર | જઘન્ય આયુષ્ય | સૂત્ર |
|---|---|---|---|---|
| સૂર્યદેવ | ૧ પલ્યોપમ ૧ હજાર વર્ષ | ૪-૪૮ | પલ્યોપમનો ચોથો ભાગ | ૪-૫૩ |
| ચંદ્રદેવ | ૧ પલ્યોપમ ૧ લાખ વર્ષ | ૪-૪૮ | પલ્યોપમનો ચોથો ભાગ | ૪-૫૩ |
| ગ્રહો | ૧ પલ્યોપમ | ૪-૪૯ | પલ્યોપમનો ચોથો ભાગ | ૪-૫૩ |
| નક્ષત્રો | ૦॥ પલ્યોપમ | ૪-૫૦ | પલ્યોપમનો ચોથો ભાગ | ૪-૫૩ |
| તારાઓ | ૦। પલ્યોપમ | ૪-૫૧ | પલ્યોપમનો આઠમો ભાગ | ૪-૫૨ |